૮૦૧ / ૯૫૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ
## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ]   રવિવાર, ૧૮ જુલાઈ, ૨૦૦૪   **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર. ૧ (અ) નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** ૧૮

૧. જીવનદોરી
૨. દૂર છતાં પાસે ને પાસે, છતાં દૂર
૩. પાકા સત્સંગીનાં ત્રણ વાનાં (લક્ષણો)
૪. મનને સ્થિર થવાનું અને નિર્વિષયી થવાનો ઉપાય.
૫. સોનીની પેઢીનું દૃષ્ટાંત

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. આવી ભગવત્સ્વરૂપ સંબંધી .......... સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.
૨. જેમ રાજા હોય ને .......... સાધુનો પણ પ્રતાપ છે.
૩. અને ભગવાનના ભક્તની ને .......... તે તો ભક્તિરૂપ છે.
૪. તેમ ઇન્દ્રિયો છે .......... અવગુણ લેવો નહીં.
૫. અને ભગવાનના સંતની સેવા .......... જીવ કૃતાર્થ થઈ જાય છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના વચનામૃતના આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

૧. શ્રીહરિએ કહેલો સ્વમહિમા   ૨. આજ્ઞા

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર. ૨ (અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ લખો.** ૬

૧. સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં ક્યારે આવે ?
૨. ખીજડા જેવા કોને કહેવાય ?
૩. આ જીવ શાને કરીને સોરાઈ જાય છે ?
૪. સાધુથી નોખા પડીએ ત્યારે શું થવું જોઈએ ?





૫. ભૂંડામાં ભૂંડું શું ?
૬. છેલ્લો જન્મ ક્યારે થાય ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** ૭

૧. જ્યાં સુધી .................... છે, ત્યાં સુધી સ્ત્રીદ્રવ્યાદિકને વિષે સુખ મનાય છે. (મોહ, અજ્ઞાન, આસક્તિ)
૨. જેવું પક્ષપાતે કરીને જીવનું ભૂંડું થાય છે તેવું તો ........................ કરીને પણ નથી થતું. (સ્વભાવે, પંચવિષયે, કુસંગે)
૩. ................................ સ્વામીને પ્રકૃતિપુરુષનાં કાર્યમાં વૃત્તિ જ રહી નહીં. (સચ્ચિદાનંદ, કૃપાનંદ, સર્વનિવાસાનંદ)
૪. ગમે તેવો .................... હોય, તેને પણ દેશકાળાદિક આઠ ફગાવી નાંખે છે. (અંતર્દૃષ્ટિવાળો, સમજણવાળો, દૃઢતાવાળો)
૫. મને કરીને તો સાધુને વિષે ............................ આવવા દેવું નહીં. (ગૌણપણું, નાસ્તિકપણું, બરોબરિયાપણું)
૬. .................. કર્યા હોય તો તેના ગુણ આવવા જોઈએ. (ગુરુ, સંત, મોટાપુરુષ)
૭. ................... ત્રણ વૃત્તિ ભણ્યા હતા ને ખોજાના ગુરુ કહેવાતા. (ગોવિંદ સ્વામી, પરમહંસાનંદ સ્વામી, મહાપ્રભુ સ્વામી)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** ૧૦

૧. શ્રીજીમહારાજનું પ્રગટપણું
૨. ગુણાતીતાનંદ સ્વામીની સરળ - દૃષ્ટાંત દ્વારા સમજાવવાની કુશળતા
૩. સત્સંગનો મહિમા

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ભાગ - ૨' નવી આવૃત્તિને આધારે)**

**પ્ર. ૩ (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. શ્રીહરિની કલ્યાણભાવના
૨. નીલકંઠવર્ણીનું વ્યક્તિત્વદર્શન
૩. કચ્છનો સત્સંગ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૦

૧. લોજમાં નીલકંઠવર્ણી   ૨. ઘનશ્યામનો ગૃહત્યાગ
૩. જોબને અનુભવેલો શ્રીજીમહારાજનો પ્રતાપ   ૪. રઘુનાથદાસની ઉપાધિ

✿ ✿ ✿